## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*રાષ્ટ્રીય સંસ્કૃતિનો સંઘ, પાટા બદલાવે છે,*
*વ્યભિચારને પણ એ કાયદામાં બદલાવે છે,*
*બદલાવે છે પ્રથા, કથા 'ભાગવત' સપ્તાહની -*
*દિશા દર્શકનો જ સૂકાની માર્ગ બદલાવે છે.*

### હાઈકુ

*આપશે જન્મ !?*
*નવજાત શિશુઓ -*
*ઉકરડાઓ...*
*(બેકાબૂ યૌવન)*

*બદલે પ્રથા,*
*જમાના અનુસાર -*
*'મા' આરાધના...*

### ચિંતન

**વાયુના ડડનીયતે મેઘઃ પુનસ્તેનૈવ નીયતે ।**
**મનસા કલ્પયતે બન્ધો મોક્ષસ્તેનૈવ કલ્પયતે ॥**

ઉપરોક્ત શ્લોક આદર્શ ધર્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પવન વાદળોને લઈ આવે છે ને વળી તે જ તેને દૂર લઈ જાય છે, એ જ રીતે મનથી જ બંધની કલ્પના થાય ચે ને મોક્ષ પણ તે જ કલ્પે છે.

માનવીનો સ્વભાવ-વિચાર-આચરણ, ચડતી-પડતી, મોહ-મમતા-માયા અને મોક્ષનું કારણ પણ 'મન' છે.

મન બંએધનમાં બંધાવે છે અને મુક્તિ પણ અપાવે છે માટે માનવીએ 'મન' પરન નિયંત્રણ કાબૂ મેળવી લેવું જોઈએ.

સત્સંગ - સ્વાધ્યાય દ્વારા જ વિવેક આવે છે તેના દ્વારા સાચાં-ખોટાંની 'મન'ની સમજ આવે છે.

### સુવિચાર

- તું પ્રથમ તારો જ માહિતગાર થઈ જા, એ પછી બાઈબલ, કુરાન, ઉપનિષદ ખબર પડશે તને, ભરબપોરે માપી જોજો તું કદી તારો પડછાયો, કેટલું ઊંચું છે તારું કદ ખબર પડશે તને - **ખલીલ ધનતેજવી**
- મેરા મઝહબ તો, યે દો હથેલીયાં બતાતી હૈ, જુડે તો પૂજા ખુલે તો દુઆ દેતી હૈ - **ઈકબાલ પટેલ**
- શ્રદ્ધા સાથે જયારે શંકા ભળે ત્યારે શ્રદ્ધા મટી સંકટ બની જાય છે - **ક્રિષ્નકાંટ ઉનડકટ**
- હૃદયના દરવાજા ત્યાં જ ખુલે છે, જયાં લાગણીઓ સ્વાગતમાં ઊભી હોય છે - **વજુ કોટક**
- બે વસ્તુ બધાને બહુ નડે છે,
  ખુલ્લી આંખે જોયેલા સપના અને હકીકત સામે બંધ કરેલી આંખ - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : ભૂલવાની બિમારી હોય તેને માટે રોજ પાંચ કાજુ નરણા કોઠે અકસીર ઈલાજ છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માણસે પોતાના આવડતું હોય એ જ કામ કરવું જોઈએ અને જેમાં ચાંચ ન ડૂબતી હોય એવા ક્ષેત્રમાં જવાની લાલચ ખાળવી જોઈએ. દક્ષિણ ભારતના મહાન અને વિશ્વવિખ્યાત રૂક્ષ્મણિ અરુંડેલ નૃત્યાંગના હતા. ૧૯૭૭માં તેઓ નૃત્યના કાર્યક્રમમાં આપવા હોલેન્ડ ગયા હતા. તેઓ જયાં ઉતર્યા હતા તે હોટેલમાં તેમને ફોન આવ્યો. ઓપરેટરે કહ્યું, 'ભારતના વડાપ્રધાન મોરારજી દેસાઈ તમારી સાથે દિલ્હીથી વાત કરવા માંગે છે.' મોરારજી દેસાઈએ રૂક્ષ્મણિ દેવીએ કહ્યું, 'હું તમને ભારતના રાષ્ટ્રપતિ બનાવવા ઈચ્છું છું.' રૂક્ષ્મણિ દેવીએ કહ્યું, 'હું રાષ્ટ્રપતિ ન બની શકું કારણ કે રાષ્ટ્રપતિની શું ફરજો હોય તેની મને કોઈ જ ખબર નથી.' મોરારજી દેસાઈએ કહ્યું, 'તમે બિલકુલ ચિંતા ન કરો, તમને ઉત્તમમાં ઉત્તમ બુદ્ધિશાળી માણસો સહાયક તરીકે આપવામાં આવશે. તમે ભારત આવી જાઓ, હોલેન્ડના બધા કાર્યક્રમો કેન્સલ કરી દો.' રૂક્ષ્મણિ દેવીએ વિચારવા સમય માગ્યો. એક દિવસ મનોમંથન કરી બીજે દિવસે ફોન કર્યો અને મોરારજીભાઈએ કહ્યું, 'હું મારી જાતને આ પદ માટે યોગ્ય માનતી નથી. વળી મારું જીવન તો કળા માટે સર્જાયું છે.' મોરારજી ભાઈએ સમજાવવા માટે કહ્યું, 'આવી તક ભાગ્યશાળીને જ મળે છે. વળી તમે રાજકીય વ્યક્તિ નથી અને વિવાદોથી પર છો. વળી વિશ્વવિખ્યાત કલાકાર છો. જો રાષ્ટ્રપતિ પદ સ્વીકારશો તો એ પદનું પણ ગૌરવ વધશે.' રૂક્ષ્મણિ મક્કમ રહ્યા, પત્ર લખી ના પાડી. છાપાઓ એ કાગારોળ કરી મૂકી. મિત્રોએ પણ કહ્યું, 'આ તમારી જીવનની સૌથી મોટી ભૂલ છે.' રૂક્ષ્મણિએ જવાબ આપતા કહ્યું, 'મેં મોટી ભૂલ નથી કરી પણ મોટી ભૂલ કરતાં હું બચી ગઈ શું, મારું ક્ષેત્ર કળા અને નૃત્ય છે. રાજકારણ મારો વિષય નથી.'

# પ્રયાગને એની અસલી ઓળખ પ્રાપ્ત થઈ રહી છે

**તંત્રીસ્થાનેથી...**

અલ્લાહાબાદને હવે એનું જૂનું નામ પાછું મળશે. કરોડો ભારતવાસીઓ માટે એ સંગમતીર્થ પ્રયાગરાજ હતું. આજે પણ એ નામે ઓળખનારા શ્રદ્ધાળુઓનો તોટો નથી. એ ત્રિવેણીસંગમનું પવિત્ર તીર્થધામ મોગલ શાસન દરમિયાન અલ્લાહાબાદ, ઈલાહાબાદ કે અલ્હાબાદ જેવા નામે ઓળખાવા લાગ્યું. કાળક્રમે એ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ ધામ બનતું ગયું; સાથે જ એની ધાર્મિક ઓળખ પણ અકબંધ રહી. અલ્હાબાદે આપણને પંડિત મોતીલાલ નહેરુ, પંડિત જવાહરલાલ નહેરુ કે પુરુષોત્તમ ટંડન જેવી વિભૂતિઓ આપી; હરિવંશરાય બચ્ચન, સુમિત્રાનંદન પંત, સૂર્યકાંત ત્રિપાઠી 'નિરાલા' જેવા મહાન કવિઓ અને અમિતાભ બચ્ચન જેવા મહાન સિનેસ્ટારનું સર્જન કર્યું, જેણે હિંદી સાહિત્ય સંમેલન જેવી રાષ્ટ્રીય સાંસ્કૃતિક સંસ્થા દ્વારા દેશને એક સૂત્રમાં પરોવતી ભાષાની ભેટ આપી, તે આ અલ્લાહાબાદ, અકબર ઈલાહાબાદી જેવા ઉર્દૂ શાયરનું વતન. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથે એની ભૂંસાઈ રહેલી સાંસ્કૃતિક અને ધાર્મિક ઓળક પરત કરીને એક રીતે આપણા સાંસ્કૃતિક પુનર્જાગરણની જ પહેલ કરી છે. કુંભ જેવા વિશ્વના સૌથી મોટા ધાર્મિક મેળાની આ નગરી, જયાં ગંગા અને યમુના ઉપરાંત પ્રચ્છન્ન સરસ્વતીનો સંગમ રચાય છે, જયાં દર બાર વર્ષે મહાકુંભ મેળો ભરાય છે અને ભારતીય સંસ્કૃતિ તથા હિંદુ સનાતન ધર્મ સાથે સંકળાયેલ તમામ સાધુ-સંતો-મહંતો અને અખાડાઓનો જમઘટ રચાય છે, ત્યાં એ નગરને કોઈ ઈસ્લામિ નામે ઓળખવું તે ખરેખર તે ખરેખર આ દેશની પ્રજા માટે એક શરમ જ ગણાવી જોઈએ. યોગી આદિત્યનાથે એની સામે વર્ષો પહેલાં ઝુંબેશ ઉપાડી હતી તે એક સાધુ તરીકે; હવે જયારે પોતે દેશના એક વશિષ્ટ રાજયી નેતા તરીકે પ્રસ્થાપિત થયા છે અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા છે ત્યારે એમણે અલબત્ત, રાજકીય ઉદ્દેશથી કર્યું છે તે સ્પષ્ટ હોવા છતાં નવું નામકરણ આવકાર્ય લેખાશે. ભારતની સાંસ્કૃતિક ઓળખમાં દિલ્હીને ઈન્દ્રપ્રસ્થ પણ બનાવી શકાય અને અમદાવાદને કર્ણાવતી નામે પણ ઓળખાવી શકાય. પરંતુ વ્યવહારિક અભિગમ અપનાવી દિલ્હીને દિલ્હી રહેવા દેવાય કે અમદાવાદના નામમાં ફેરફાર કરી અહમદશાહી કલ્ચરને અન્યાય ન કરવામાં આવે તે બરાબર છે, પરંતુ પ્રયાગ જેવી ધર્મનગરીનું નામ ભૂંસી દેવાય એ હિંદુ સંસ્કૃતિનું અપમાન છે. આથી એક તરફ વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે એક કાર્યકર તરીકે અમદાવાદને 'કર્ણાવતી' બનાવવા ઝુંબેશ ચલાવતા હતા અને વડાપ્રધાન બની ગયા છતાં એ મુદ્દે કશું જ નથી કરી શક્યા તેનો અફસોસ નથી, હોવો પણ ન જોઈએ, પરંતુ 'પ્રયાગ'ની ઓળખ ભૂંસાય એ પહેલાં એને પુનઃ પ્રયાગ બનાવનાર યોગી આદિત્યનાથની હિંમતને સલામ.

# પરપ્રાંતીયને વસવાટ કે ધંધો કરતા રોકી શકાય નહિ

## ભારતીય નાગરીકને ભારતમાં ગમે ત્યાં વસવાટ કરવા રોજગારી મેળવવાનો હક્ક, અધિકાર છે તેમાં રોકટોક અટકાયત કરી શકાય નહિ



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ભારતીય બંધારણ મુજબ સર્વને સમાન તક આપવામાં આવી છે. સર્વ ધર્મ સમભાવ ગણી જ્ઞાતિ, જાતિ, ધર્મથી પર માનવામાં આવે છે કોઈ નાનો નથી કોઈ મોટો નથી. રાજયમાં ગમે તે વ્યક્તિ ગમે ત્યાં વસવાટ કરી શકે છે, ધંધો, રોજગાર, નોકરી મેળવી શકે છે તેમાં કોઈ રોકટોક, અટકાયત કરી શકે નહિ માત્ર જમ્મુ કાશ્મીરમાં જ આવો પ્રતિબંધ છે જે કલમ ૩૫(એ) તથા ૩૭૦ મુજબ ત્યાંનો જન્મથી નાગરીક હોય તે જ વસવાટ કરી શકે છે ધંધો, રોજગાર સ્થાપી શકે છે બહારના રાજયના લોકોને આના માટે પ્રતિબંધ છે.

તાજેતરમાં પર પ્રાંતીયોનો વિવાદ વકર્યો છે જેમાં યુપી, બિહાર, રાજસ્થાથી મજુરી કરતા વેપાર કરતા ધંધો રોજગારી કમાતા વસવાટ કરતા લોકોને રાજકિય ભોગ બનવું પડે છે અને પાડાના વાંકે પખાલીને ડામની જેમ નિર્દોષ નાગરીકોને સહન કરવું પડે છે.

ભારતના બંધારણમાં સાર્વભોમત્વનો સ્વીકાર કર્યો હોય દરેક જ્ઞાતિ, જાતિ કદ, ધર્મને સમાન મહત્વવ આપવામાં આવ્યું છે. પ્રાંતવાદનો વિરોધ કરવામાં આવ્યો છે ભારતીય એક નાગરીક છીએ ના ઉદ્દેશને વળગી એકસંપ થઈ કામકાજ કરવાનું છે. કોઈનો ધર્મ, જ્ઞાતિ કે રંગ કદથી અસમાનતા ફેલાવી શકાય નહિ અગર તો કદવા જેવા શબ્દો યુપી બિહારના ભાઈઓ માટે ઉપયોગમાં લઈ શકાય નહિ કદ પ્રમાણે તેની મજાક ઉડાવી એ પણ ગુન્હો બને છે કોઈને બાઠીયા કહી શકાય નહિ તેની ઉંચાઈની મજાક ઉડાવી શકાય નહિ નેપાળના ગુરખાઓની ઉંચાઈ સામાન્ય પ્રમાણમાં ઓછી હોય તો તેમની ઉંચાઈની મશ્કરી કરી શકાય નહિ.

આઈપીસીની કલમ ૬૬(એ) આઈટી એકટ મુજબ સ્યોશ્યલ મીડીયામાં કે અન્યત્ર ખોટી અફવા ફેલાવતા મેસેજ, ફોટા, વિડીયો વાયરલ કરી શકાય નહિ. સમાજમાં અરાજકતા ફેલાવી શકાય નહિ તેમ કરવું કાનુની ગુન્હો બને છે. કાયદા મુજબ ત્રણ વર્ષ સુધી જેલ અને દંડ બન્ને થઈ શકે છે દરેક સંદેશાની વિશ્વનિયતા ચકાસીને આગળ મોકલવો જોઈએ ખોટા સંદેશાઓની આપ લે કરવા ઉપર પ્રતિબંધ છે તેનાથી સમાજમાં અરાજકતા ફેલાય, વયમનસ્ય ફેલાય તો દેશદ્રોહનો ગુન્હો પણ લાગુ પાડી શકાય છે અને પાસા વિરૂધ્ધ પણ કામ ચલાવી આવા કૃત્ય કરનારાઓ સામે રાજય સરકાર ગુન્હો લાગડી કાર્યવાહી કરી શકે છે. તાજેતરમાં સામાજીક પ્રવૃત્તિઓના કારણે પ્રાંતવાદના કારણે પરપ્રાંતીય લોકોને ગુજરાતમાંથી તગેડી મુકવામાં આવ્યા જેનાથી રાજયનો વિકાસ રૂંધાયો, ધંધા રોજગાર ઉદ્યોગો ઠપ થઈ ગયા, મોટાભાગના મજુરી કરતા રાજસ્થાન, યુપી, બિહારથી લોકો ગુજરાતમાં રોજગારી મેળવી શાંતિપૂર્ણ રોજગારી કમાય છે અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે તેવા નિર્દોષ લોકો ભોગ બન્યા, તેમના ઘરો સળગાવી દિધા, ધાક, ધમકી આપી ઘરો ખાલી કરાવી ગામમાંથી હાંકી કાઢવાના બનાવો બન્યા આવા બનાવોમાં સરકારે ૫૩૮ જેટલા લોકોની ધરપકડ કરી પગલા ભર્યા છે.

કોઈપણ વર્ગના લોકો વિરૂધ્ધ ટીપ્પણી કરવી અપરાધની શ્રેણીમાં મુકવામાં આવે છે. જેમાં વંશીય ટીપ્પણી કરવા બદલ પાંચ વર્ષની કેદ થઈ શકે છે. આઈપીસીની કલમ ૧૫૩ માં તથા ૫૦૯માં નવો સુધારો કરવામાં ાવ્યો છે. કાયદા મંત્રાલયે તાજેતરમાં જ એક કમીટીની ભલામણોને માન્યગણી છે. વંશીય ઓળખ તથા અભદ્ર ટીપ્પણીઓને સાબીત કરવામાં આવતા પાંચ વર્ષની સજાની જોગવાઈઓને કેન્દ્ર સરકારે મંજુરી આપી છે. આઈપીસીની કલમ ૧૫૩ માં સુધારો કરી ૧૫૩(સી) અને ૫૦૯ માં સુધારો કરી ૫૦૯(એ) વંશીય ટીપ્પણી બદલ સજાની જોગવાઈનો સમીતીની ભલામણ સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયત સમુદાયની સામેની હિંસાને ગંભીર અપરાધ ગણવામાં આવે છે ૧૯૮૯ ની જોગવાઈ મુજબ કલમ ૮ તથા ૯ માં જણાવ્યા મુજબ કોમ કોમ વચ્ચે નિયત સમુદાય સામેની હિંસાને ગંભીર અપરાધ ગણી હિંસા ભડકાવનાર વ્યક્તિ વિરૂધ્ધ કાયદેસર પગલા ભરવામાં આવશે. આઈપીસીની કલમ ૧૫૩૪ મુજબ રાષ્ટ્રીય એકતાને વિઘાતક આક્ષેપ, કથનો કરી તોડવાનો પ્રયત્ન કરવા બદલ ત્રણ વર્ષની કેદ અને દંડ અગર તો બન્ને થઈ શકે છે અને બીનજામીન પાત્ર ગુન્હા તરીકે નોંધવામાં આવે છે.

ભારતીય બંધારણમાં દરેકને સમાન હક્ક, અધિકાર આપવામાં આવ્યા છે એકબીજાની જ્ઞાતિ, જાતિ, ધર્મનો ભેદ કર્યા સીવાય અખંડ ભારતના નાગરીક તરીકે સાર્વભોમ સત્તા આપવામાં આવી છે. જેમાં દરેક વ્યક્તિ મુકત રીતે વસવાટ કરી શકે કાયદેસર રીતે વેપાર, ધંધો, રોજગાર મેળવી શકશે. ઉદ્યોગ, ધંધા સ્થાપી શકશે તેમાં પ્રાંતવાદના સીમાડાઓ નડશે નહિ સર્વનો વિકાસ સર્વને સમાન ન્યાય એ સિધ્ધાંત મુજબ ભારતનું બંધારણ ભારતમાં વસતા નાગરીકોના હક્કો અને ફરજોનું પાલન કરાવી શકશે તેમાં કોઈ એક વ્યક્તિ, સંસ્થા, ધર્મ કે સમાજ બીજી વ્યક્તિને રોકટોક કરી શકે નહિ કે અટકાવી શકે નહિ.

# સાચ્ચે જ આપણે માતાજીની આરાધના કરી રહ્યા છીએ ?



WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

ઢોલના ધબકારે ને આંખડીના ચાળે
હૈયાં ચડ્યારે કિલ્લોલે...!
આસોની અજવાળી નવલી નવરાતમાં
મનડા એ મીઠું મીઠું બોલો... !

- હર્ષિદા દીપક

નવરાત્રીના ગરબા, નવે નવ દિવસના પૂજન-અર્ચન, હોમ-હવન અને અનુષ્ઠાન, જપ-તપ-વ્રત અને ઉપવાસ આ બધું જ અત્યારે આખાયે રાજયભરમાં વિવિધ રીતે ઉજવાઈ રહ્યું છે. સમય બદલાયો, સંબંધો બદલાયા, નવરાત્રીના રૂપરંગ બદલાયા અને ખેલૈયાના અંદાજ પણ જમાના પ્રમાણે બદલાયા. પરંપરાગત અને આધુનિક બંનેનું કયાંક મિશ્રણ પણ જોવા મળ્યું. ગરબા એટલે માત્ર માતાજીની આરાધના કરતા ગરબા જ ગવાય તેવો આગ્રહ હવે રહ્યો નથી.



પહેલાના સમયમાં સ્ત્રીઓ સૌ આખા દિવસના કામ અને નવરાત્રીના ઉપવાસ બાદ દીવા-ધૂપ કરીને પોતે જાતે ગાઈને જ માતાજીની આરાધના કરતી. એ સમયે ગરબા એ મનોરંજન નહિ પરંતુ આરાધનાના પ્રતિક હતા. કૃષ્ણ, ગોપીઓનો રાસ એ પણ ભક્તિનું એક દિવ્ય અને અલૌકિક સ્વરુપ સમું માનવામાં આવવું સમય પ્રમાણે પરિવર્તન આવ્યું અને હવે આ ગરબાના રંગ રૂપ બદલાયા. તેની ઝાકઝમાળ, ભભકો અને તેના કલેવર વધુ ચકચકિત બન્યા. આજના આ ગરબામાં હવે મનોરંજન કેન્દ્ર સ્થાને આવી ગયું અને આરાધના થોડી ભૂલાઈ ગઈ. જો કે, તેમાં પણ અપવાદરૂપ એવા એક-બે સ્થળો છે જયાં આજે પણ પરંપરાગત રીતે શિસ્તબદ્ધ ગરબા ગવાય છે.

પરદેશમાં પણ ગુજરાતીઓ અહીંના સારા-સારા ગાયકોને બોલાવી ગરબાના તાલે ઘૂમે જ છે અને એ રીતે પોતાનામાં ગુજરાતીપણું ધબકતું રાખે છે. હેમંત ઉપાધ્યાય એક સુંદર કાવ્યમાં લખે છે તેમ :

"ભીતર છીએ વતનથી દૂર
ભીથરમાં છે વસે છે ગુજરાત
કર્મ, વાણી, મન, ડોલરિયા
હૃદયમાં હસે છે ગુજરાત
હાય, બાય ને વાય કહું ભલે
જયશ્રી કૃષ્ણનો નાદ ગુજરાત
મેગી નુડલસ્ પીઝા ખાતો ભલે
રોટલા ખાધાનો સ્વાદ ગુજરાત.
મોંઘા ઘરને મકાનો ભલે
શેરી પોળ તણી યાદ ગુજરાત.
ફરું છું મોટી ને મોંઘી મોટરમાં
સ્કૂટર રીક્ષા તણો અવાજ ગુજરાત.
મંદિરોમાં હું પ્રભુ શોધતો ફરું
ડાકોર દ્વારકામાં ભાળું જય ગુજરાત
નવરાત્રીમાં ભલે ફરતો ગરબા
અંબે માના ધામ ગુજરાત
સંતાનો ભલે ભણે અહીં.
ગગા ને પરણાવું ગુજરાત
સ્વાદ નથી અહીં ભોજનમાં
વસીએ ભલે આ મોંઘેરા દેશમાં
હેંડો સાથે જઈએ ગુજરાત
વાતોમાં જાય રાતોની રાત
નથી ભુલાતું અમારું ગુજરાત
કેમ ભૂલાય આપણું ગુજરાત."

સમય પ્રમાણે આવેલા આ બદલાવમાં આજે હવે નવરાત્રી દરમિયાન દિવસ આખો ઓફિસમાં કે ઘરમાં કામ કરવું, રોજ માટેના નવા-નવા કપડા તૈયાર રાખવા, એને મેચિંગ્સ્ એવા દાગીના પહેરવા, બ્યુરી-પાર્લર જઈને મેક-અપ અને હે સ્ટાઈલ કરાવવી, પાસ માટેની વ્યવસ્થા રાખવાની, મિત્ર વર્તુળમાં રોજે-રોજના ફોટા અને વીડિયો શૅર કરવાના, ફૅસબુકમાં સ્ટેટસ્ અપડેટ કરવાનું, લોકોની લાઈક અને કોમેન્ટ્સનો રીપ્લાઈ કરવાનો, કોઈ ફ્રેન્ડ આપણને ટેગ કરે ત્યારે તેમાં આપણાં કરતાં તે વધુ સુંદર ન લાગે તેનું ધ્યાન રાખવાનું આવી કેટકેટલી પળોજણોનો વધારો જણાય છે. શું સાચ્ચે જ આપણે માતાજીની આરાધના કરી રહ્યા છીએ ? આ પ્રશ્ન આજની ગરબા કરતી દરેક સ્ત્રીએ પોતાની જાતને જ પૂછવો રહ્યો. જવાબ હકારાત્મક હોય તો મન ભરીને ગરબા માણો અને જો નકારાત્મક આવે તો કયાં કચાશ રહી તે વિશે આજથી જ વિચારવા લાગો.

- *nehalgadhavi101@gmail.com*

# ગુજરાતમાં પરપ્રાંતીયો પરના હુમલા અને હિજરતની નાલેશી



અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ગુજરાતીઓ દુનિયાભરમાં વસ્યા છે. યુગાન્ડાના સરમુખત્યાર ઈદી અમીને ગુજરાતીઓને પહેરેલા લુગડે ભાગવા વિવશ કર્યા હતા, એ કમકમાં આવે એવા દિવસોનું સ્મરણ હમણાં ગુજરાતમાંથી હિંદીભાષી પરપ્રાંતીયો પરના હુમલા અને હિજરતના વાતાવરણે તાજું કર્યું. મહારાષ્ટ્રમાં શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના થકી દક્ષિણ ભારતીયો, ઉત્તર ભારતીયો અને ગુજરાતીઓને ભગાડવા માટે તેમને પરપ્રાંતીય લેખાવીને કરાયેલા ઘટનાક્રમનો લાંબો ઈતિહાસ છે. ગુજરાતમાં આવું વાતાવરણ નિર્માણ થાય એ જરા નવું લાગે છે.સાબરકાંઠામાં કોઈ બાળકી પર એકાદ બિહારીએ દુષ્કર્મ કર્યું એટલા માત્રથી તમામ બિહારી કે પરપ્રાંતીય દોષિત થઈ જતાં નથી. દુષ્કર્મના આરોપી સામે કડક કાર્યવાહી કરવામાં આવે એ જરૂરી છે. સરકારે એ ખટલો ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવાનો આદેશ આપ્યો છે. આમ છતાં, સપ્તાહ સુધી વાતાવરણમાં ગરમાટો રહે છે. હજારો પરપ્રાંતીય ગભરાટ અનુભવીને હિજરત કરી વતન ભણી ભાગે છે. સઘળા બનાવો દેશમાં પાંચ રાજ્યોની ચૂંટણી જાહેર થવાની સાથે જ બને છે. સરકારી પ્રવક્તાઓ અને સત્તારૂઢ ભાજપના આગેવાનો સફાળા જાગીને સમગ્ર ઘટનાક્રમ માટે કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને એમની ઠાકોર સેના પર ઉશ્કેરણીનો આક્ષેપ કરવા માંડે છે.બાકી હતું તે વાવનાં કોંગ્રેસી ધારાસભ્ય ગેનીબહેન ઠાકોર અને હિંમતનગરના ભાજપી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ પણ ઉશ્કેરણીજનક નિવેદનો કર્યાં. રાજનેતાઓના વાણીવિલાસ થકી પ્રજામાં કેવો સંદેશો જાય છે, એનો લગીરે વિચાર કર્યા વિના બેફામ નિવેદનો કરવામાં આવે તો એમાં પરિપક્વતાનો અભાવ જોવા મળે છે. અલ્પેશ બિહાર કોંગ્રેસના સહ-પ્રભારી પણ છે.ગુજરાતના જ કોંગ્રેસી નેતા શક્તિસિંહ ગોહિલ બિહાર કોંગ્રેસના પ્રભારી છે. અલ્પેશ સામેથી પોતે કોઈ ઉશ્કેરણી કર્યાનો નન્નો ભણે છે. ગુજરાતમાં ૨.૫ કરોડ જેટલી વસ્તી ધરાવતા એના ઠાકોર-કોળી સમાજની બાળકી પરના દુર્વ્યવહાર અંગે ન્યાય માટે સરકાર સમક્ષ રજૂઆત કરે છે. સ્વયં અલ્પેશનો દીકરો ગંભીર રીતે બીમાર હોવાને કારણે હોસ્પિટલમાં હોય છતાં એ આંખમાં આંસુ સાથે સદભાવના ઉપવાસ કરવાની જાહેરાત કરી તમામ પરપ્રાંતીય લોકોને હૂંફ આપવા કોશિશ કરે છે. "લાશોની રાજનીતિથી સત્તા મેળવનારાઓ" સામે આક્રોશ ઠાલવતાં રાજકારણને તિલાંજલિ આપવાની વાત પણ અલ્પેશે કરી.ભાજપના સાંસદ દેવુસિંહ ચૌહાણ તો નામ પાડીને અલ્પેશને દોષ આપે છે,પણ સપ્તાહ કરતાં વધુ સમય થયા છતાં અલ્પેશ સામે કોઈ ફરિયાદ નોંધાતી નથી! મામલો ગુજરાતના હિતનો છે. ગુજરાતની પ્રતિષ્ઠાનો છે.ગુજરાતના અર્થતંત્રને હાની પહોંચાડનારો છે. ગુજરાતમાં વસતા ૨.૫.કરોડ પરપ્રાંતીયને ગુજરાતે ક્યારેય પારકા ગણ્યા નથી,પણ આ મુદ્દે રાજકીય ખેલ ચાલે એ ગુજરાત માટે નીચાજોણું કરાવનારો ઘટનાક્રમ છે.

**પરપ્રાંતીય નહીં, બધા પોતીકા જ**

ગુજરાતના શબ્દકોશમાં હમણાં ઉમેરણ પામેલા શબ્દ "પરપ્રાંતીય" સાથે જોડાયેલા તાજા ઘટનાક્રમે આંચકા આપવાના શરૂ કર્યા છે. સાબરકાંઠાના ઢુંઢરની કોઈ બાળકી સાથે દુરાચાર થયો હોય અને એ દુષ્ટ કૃત્યમાં સંડોવાયેલા નરરાક્ષસને ઝબ્બે કરીને એને કડકમાં કડક સજા આપવાનું કામ સત્તાધીશોનું છે. આવી ઘટનાના મુદ્દે તમામ હિંદીભાષીઓ દોષિત છે, એવું માની લઈને હુમલાઓ થાય તો મહાત્મા ગાંધી અને સરદાર પટેલના ગુજરાત માટે લાજવાના સંજોગો જ નિર્માણ થાય. મામલો રાજકીય ખેંચતાણનો નથી. સરકાર અને પ્રજા વચ્ચે સમજણના સેતુ રચીને ભાજપ-કોંગ્રેસના એકમેક પર દોષારોપણ કરવાને બદલે દોષિતોને ઝબ્બે કરવાની કામગીરી થાય અને નેતાઓ વાણીવિલાસ કરવાને બદલે સંયમ જાળવે. ગુજરાતના બંને મુખ્ય પક્ષોમાં નેતાગીરી કરનારા ગુજરાતી અને બિનગુજરાતી તમામે મળીને આ આગને ઠારવાના પ્રયાસો કરવા ઘટે. કોણે શું નિવેદન કર્યું, એની વાતો કરીને વાતનું વતેસર કરવાને બદલે રાજ્યમાં ફાટી નીકળેલા દાવાનળને શાંત કરવાની પહેલી જવાબદારી સરકાર અને પ્રત્યેક નાગરિકની છે. ગુજરાતમાં વહીવટી તંત્રમાં મોટેભાગે પરપ્રાંતીય આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ છે. રાજ્યની કાયદો અને વ્યવસ્થાની જવાબદારી શિવાનંદ જહા નામના પરપ્રાંતીય અધિકારીને શિરે છે.જહા અને રાજ્ય સરકારના મુખ્ય સચિવ ડૉ.જે.એન સિંહ પણ બિહારી જ છે. અન્ય રાજ્યોના આ અધિકારીઓને ગુજરાતે ક્યારેય પારકા ગણ્યા નથી.એમની પણ સવિશેષ જવાબદારી થાય છે કે અફવાઓના જોરે રાજ્યભરમાં પરપ્રાંતીય લોકો પર થયેલા હુમલા વધુ આગળ ના વધે. રાજકીય આગેવાનોએ પણ આવા સંજોગોમાં સંયમ જાળવવાની સવિશેષ જરૂર છે.સરકારના ઈન્ટેલિજન્સ વિભાગની નરી નિષ્ફળતા રાજ્યના વિકાસ અને છબિ માટે ઘાતક નીવડે એ ચલાવી લેવાય નહીં.માત્ર નિવેદનશૂર મંત્રીઓ કે નેતાઓનાં નિવેદનોનો પ્રજાને ખપ નથી. વાસ્તવમાં સરકારી તંત્રની ધાક હવે રહી નથી એનું આ પરિણામ છે.

- **રાજનેતાઓના વાણીવિલાસ થકી પ્રજામાં ઉશ્કેરણીના સંદેશામાં પરિપક્વતાનો અભાવ**
- **ગુજરાતમાં વસતા અંદાજે ૨.૫.કરોડ પરપ્રાંતીયને ગુજરાતે ક્યારેય પારકા ગણ્યા નથી**
- **મુખ્યસચિવ ડૉ.જે.એન.સિંહ અને પોલીસવડા શિવાનંદ જહા બિહારી હોવા છતાં આતંક**
- **સ્થાનિકોને ૮૫ % નોકરીઓ આપવાની નીતિ માત્ર કાગળ પર હોવાને કારણે વિસ્ફોટ**

**હુમલાઓનું નવતર ગતકડું**

સામાન્ય રીતે ઉત્તર પ્રદેશ કે બિહારના હિંદીભાષી લોકો પર હુમલાઓ થવાનું નવતર ગતકડું રાજ્યને લજવે એવું છે.એને નાથવાની જવાબદારી રાજ્યના શાસકો અને પ્રશાસકોની છે. કમનસીબે છેલ્લા સપ્તાહના ઘટનાક્રમે ગુજરાતને શિવસેના પ્રમુખ બાળ ઠાકરે અને એમના ભત્રીજા રાજ ઠાકરેની શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) થકી મુંબઈમાં પહેલાં 'લુંગી પુંગી"આંદોલન કરીને દક્ષિણ ભારતીયો અને પછી ગુજરાતીઓ કે ઉત્તર ભારતીયોને આતંકિત કર્યા હતા, એવો માહોલ આયાત થયાનું અનુભવાય છે. બિનગુજરાતીઓ ગુજરાતમાં વસતા હોય, શાંતિથી પોતાનાઓ કામધંધો કરતા હોય અને ગુનાખોરી સાથે સંબંધ રાખતા ના હોય; તો એમને સુરક્ષા પ્રદાન કરવી એ ઊભા ગુજરાતની જવાબદારી બને છે. દુનિયાભરમાં ગુજરાતીઓ વસે છે. ક્યારેક આફ્રિકી દેશોમાં કે અમેરિકામાં ગુજરાતીઓ પર હુમલા થાય અને આપણને ઉચાટ થાય, એવું જ ચિંતાનું વાતાવરણ આપણા નિર્દોષ પરપ્રાંતીય બંધુ-ભગિનીઓ પરના હુમલા અને તેમણે ઉચાળા ભરવાની ફરજ પડવાથી થવો સ્વાભાવિક છે.

**સેંકડો ધરપકડો છતાં સૂત્રધાર કોણ**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીથી લઈને સરકારીતંત્રના તમામે આવા ઘટનાક્રમ પાછળના ભેજાને બેનકાબ કરવાની જરૂર છે. મહારાષ્ટ્રમાં તો શિવસેના "બાહેરચે યેણ્યારે લાંઢ્યે" (બહારથી આવનારા લોકો) સામે છાસવારે આંદોલન કર્યા હતાં.છેલ્લે છેલ્લે મનસે થકી બિહારીઓને મારવાના બનાવો બન્યા અને દેશભરમાંથી એમને વખોડવામાં આવ્યા.મુંબઈમાં પરપ્રાંતીયો પર હુમલાઓ કોણ કરતું રહ્યું એ સ્પષ્ટ હોવા છતાં આજ લગી એવા હુમલાઓમાં કોઈને સજા થયાનું જાણમાં નથી. ગુજરાતમાં આ નવતર ખેલ શરૂ થયા છે. રાજકીય લાભ ખાટવા માટે એ હાથ ધરવાના પ્રયાસો થતા હોવાના આક્ષેપ થવાની સાથે જ સેંકડોની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનાક્રમ પાછળ કોનું ભેજું કામ કરી રહ્યું છે એ જાહેર કરવાની જવાબદારી સરકારની જ છે. માત્ર નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર વચ્ચે જુગલબંધી ચાલે અને પ્રજા પીડાતી રહે એ શરમજનક માહોલ છે.સરકાર પાસે માહિતી હોય જ અને એણે મુખ્ય સૂત્રધાર કે જવાબદારને જેલભેગા કરીને કાર્યવાહી કરવાને બદલે માત્ર નિવેદનલીલા ચાલુ રાખવામાં તો ગુજરાતને આર્થિક અને નૈતિક રીતે નુકસાન થવું સ્વાભાવિક છે.

**આંદોલનકારીઓના ટેકેદારોનાં ચરિત્ર**

ગુજરાતમાં આંતરકલહથી મૃતપ્રાય કોંગ્રેસ આંદોલન કરાવવ જેટલી મજબૂત થઈ ગયાના આક્ષેપો થતા રહે છે. પાટીદાર આંદોલન અને ઠાકોર સેનાનું આંદોલન ક્યાંથી પ્રગટ્યું એનું પગેરું સત્તાધીશોએ મેળવી લીધું જ છે. ગુજરાતમાં કોંગ્રેસ બળૂકી થઈ ગઈ હોય તો એ સત્તાસ્થાને હોત.સત્તાસ્થાને તો ભાજપ છે. તંત્ર અને સત્તા એની પાસે છે.કેન્દ્ર એની પાસે છે.કેન્દ્રનું ગૃહ મંત્રાલય એની પાસે છે.ચૂંટણીઓ જીતવા માટે કે મત મેળવવા માટે નિવેદનો કરતા રહેવાને બદલે પગલાં લેવાની જરૂર ખરી.આંદોલનકારીઓનાં પગેરાં સત્તાધીશો ભણીના સંકેત આપતાં હોય તો એમનાં આંદોલન ઠારવાના પ્રયાસ થતા નથી.વાણીવિલાસ હવે બહુ

**અનુસંધાન પાના નં ૭ પર**